**મે. એડિશનલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ. પાલિતાણા.**

**રે. દરખાસ્ત નં. ૩૪/૨૦૨૬**

**–: <u>આંક–૧ લગત હુકમ</u> :–**

દરખાસ્ત વાદી વ.શ્રી હાજર નથી. હાલની દરખાસ્ત રૂા.૨૫,૦૩૯–૫૦ પૈસાની છે. મિલ્કત જપ્તી વોરંટ પરત આવેલ છે. વાદી કંપનીને વોરંટની કાર્યવાહી માટે હાજર રહેવા અવાર નવાર જાણ કરવા છતાં, જવાબદાર માણસ હાજર રહેલ નથી. દરખાસ્ત વાદીને પૂરતો સમય આપેલ છે. દરખાસ્ત વાદી તરફે નિયમિત હાજર રહી, કોઇ કાર્યવાહી કરવામાં આવતી ન હોય અને મિલ્કત જપ્તીની કાર્યવાહીમાં દરખાસ્ત વાદી કંપનીને રસ ન હોય તેવું રેકર્ડ પરથી જણાઇ આવે છે. આથી, આગળ કાર્યવાહી ન કરવા સબબ તથા રેકર્ડ ધ્યાને લેતાં, હાલની દરખાસ્ત ડિસમીસ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ: ૨૧/૦૪/૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: પાલીતાણા.

(અભિષેક વી. વર્મા)
એડિશનલ સિવિલ જજ–પાલિતાણા.
(કોડ નં. જી.જે.૦૧૬૯૩)